PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/કવા–૦૪/૧૭–૧૮/ 2907 તા. 05-04-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નારણભાઈ રત્નાભાઈ પાઘડાર,
ગામ: મોરવાડી
તા.કાલાવડ
જી: જામનગર
મો: ૯૯૭૮૯ ૪૭૪૭૦

**વિષય :–નામ બદલી બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૯/કવા–૦૪/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ)

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૪૯/કવા–૦૪/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૨૭–૦૩–૧૮ સ્થળ : જામનગર

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: નારણભાઈ રત્નાભાઈ પાધડાર, ગામ: મોરવાડી

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે જેન્તીભાઈ રત્નાભાઈ પાધડાર હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર :એન.પી.શાહ – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

## : હુકમ :

**ફરીયાદ : નામ બદલી બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના પિતાશ્રી ના નામે તા.૨૦–૧૧–૧૯૮૭ ના રોજ માંગેલ – જેમા સર્વે નંબર ૭૬ પૈકી નો દાખલો ભુલ થી રજુ કરેલ હતો. જે ખરેખર સર્વે નંબર જુના ૯૮ પૈકી – કે જે હાલ મા ૨૨૬ મા છે, તેના દાખલા આપવા જોઈએ. જે કંઈ ખ્યાલ ન રહેતા – ભુલ થી સર્વે નંબર ૭૬ પૈકી ના આપી દીધેલ હતા. હવે વારસાઈ રીતે ( તેઓના પિતાશ્રીનુ અવસાન થતા ) અરજદાર ના એટલેકે નારણભાઈ રત્નાભાઈ પાધડાર ના નામે કરવાની ઉપર મુજબ ની તારીખ: ૧૦–૦૩–૧૭ ના અરજી કરતા – અને સબંધક પેટા વિભાગીય કચેરી મા તપાસ કરતા – હજુ સુધી નામ બદલી ની કાર્યવાહી કરાયેલ નથી. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧)અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, ફરીયાદી અરજદાર ની રજુઆત મુજબ – પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) હેઠળ રત્નાભાઈ કરશનભાઈ પાધડાર ના નામનુ ૭.૫ હોપા નુ એ–૧ ટેરીફ હેઠળ – ગ્રાહક નં.: ૩૨૭૫૬/૦૧૦૧૮/૯ – ખેતીવાડી વીજજોડાણ તા.૧૬–૧૨–૮૮ ના રોજ અપાયેલ હતુ. સદર ગ્રાહક શ્રી રત્નાભાઈ કરશનભાઈ પાધડાર નુ તા.૧૧–૧૨–૦૫ ના રોજ અવસાન થયેલ છે. જેથી, તેમના વારસદાર શ્રી નારણભાઈ રત્નાભાઈ પાધડાર દ્વારા તા.૨૭–૧૨–૧૬ ના રોજ – સદર વીજ જોડાણ મા નામ બદલી માટે ની અરજી નોંધાવેલ હતી.<br>• (૨)પીજીવીસીએલ ની કાલાવડ (વેસ્ટ) પેટા વિભાગીય કચેરી ના પત્ર નં.–૧૫૩૦ તા.૧૪–૦૩–૧૮ મા નામ બદલી ની અરજી બાબતે – અરજદાર શ્રી ને જણાવેલ કે, મુળ ફાઈલ સર્વે નંબર: ૪૭ જુના ૭૬ પૈકી ૮ મા જોડાણ આવેલ છે. પરંતુ, સ્થળ પર ના રોજકામ સર્વે નંબર: ૨૨૬ જુના સર્વે નંબર: ૯૮ પૈકી ૫ મા વીજ જોડાણ ઉભુ છે, માટે કંપની ના નિયમ મુજબ નામ બદલી થઈ શકે નહી, જેથી અરજી દફતરે કરાયેલ છે.<br>• (૩)વધુમા સદર – વીજ જોડાણ ની કેઈસ ફાઈલ તપાસતા – અરજદારે વીજ જોડાણ લેતી વખતે – સર્વે નંબર: ૭૬ પૈકી ૮ – પ્રમોલોગેશન થતા – નવા સર્વે નંબર: ૪૭ ના – ૭–૧૨ ના દાખલા રજુ કરાયેલ હતા. પરંતુ, કોઈપણ કારણોસર – સદર વીજજોડાણ તેના અન્ય સર્વે નંબર: ૯૮ પૈકી પ્રમોલોગેશન થતા ૨૨૬ મા ઉભુ કરાયેલ હતુ. |

| | |
|---|---|
| | • (૪)પેટા વિભાગીય કચેરી, કાલાવડ (વેસ્ટ) મા નામ બદલી ની નોંધણી થયા બાદ – જુનીયર ઈજનેર કાલાવડ (વેસ્ટ) – દ્વારા – અરજદાર શ્રી ની હાજરી મા સ્થળ ખરાઈ કરતા – સદર ખેતીવાડી વીજજોડાણ સર્વે નંબર: ૯૮ પૈકી ૫ મા જ આવેલુ છે, તેમ જણાયેલ છે. આમ, અરજદાર ની કબુલાત મુજબ – નવા જોડાણ ની અરજી કરતી વખતે ભુલ થી – બીજા સર્વે નંબરના ૭–૧૨ ના દાખલા રજુ અપાયેલ હતા. આ સીવાય અન્ય કોઈ ગેરકાયદેસર રીતે વીજ જોડાણ ઉભુ થયેલ નથી.<br>• (૫)સદર ગ્રાહક ની કેઈસ ફાઈલ મા – સર્વે નંબર: ૭૬ પૈકી ૮ ના દસ્તાવેજીક પુરાવા હોય – જેથી, નામ બદલી ની મંજુરી સાથે સર્વે નંબર ની બદલી ની – મંજુરી પણ આપવી જરૂરી હોય છે. આથી – નામ બદલી ના નિયત ચાર્જ – તેમજ સર્વે નંબર ની બદલી માટે – ખેતીવાડી વીજજોડાણ ના શીફટીગ માટે ના ના નિયત ચાર્જ – અરજદાર પાસેથી વસુલી – મંજુરી આપવી જોઈએ – તેમજ અરજદાર પાસેથી રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર – જે તે વખતે ખોટા દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયા બાબતે ની કબુલાત લેવી જોઈએ. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) ફરીયાદી અરજદાર શ્રી નારણભાઈ રત્નાભાઈ પાઘડાર, ગામ: મોરવાડી દ્વારા તેમના પિતાશ્રી રત્નાભાઈ કરશનભાઈ પાઘડાર ના નામના ખેતીવાડી વીજજોડાણ મા – પુત્ર – સીધીલીટી ના વારસદાર ની રૂએ નામ બદલી ની વિધીસર ની અરજી તા.૨૭–૧૨–૧૬ ના રોજ નોંધાવેલ હતી. પરંતુ, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા ન્યાયિક રજુઆત માટે ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર – રાજકોટ મા અરજી તા.૦૫–૦૩–૧૮ થી નોંધણી કરાવેલ છે.<br>• (૨) ફરીયાદી અરજદાર ની રજુઆત ના મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે – અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે – ફોરમ કમિટી દ્વારા નીચે મુજબ નિષ્કર્ષ થયેલ છે.<br>• (૩)સદર ખેતીવાડી વીજજોડાણ તા.૧૬–૧૨–૮૮ ના રોજ સર્વે નંબર: ૭૬ પૈકી ૮ અને નવા સર્વે નંબર: ૪૭ ના ૭.૫ હોપાનુ એ–૧ ટેરીફ હેઠળ વીજ જોડાણ નં.: ૩૨૭૫૬ /૦૧૦૧૮/૯ થી રત્નાભાઈ કરશનભાઈ પાઘડાર ના નામે ગામ: મોરવાડી ખાતે ધરાવે છે. તા.૧૧–૧૨–૦૫ ના રોજ ફરીયાદી અરજદાર શ્રી ના પિતાશ્રી – સદર વીજ જોડાણ ના ગ્રાહક શ્રી – રત્નાભાઈ કરશનભાઈ પાઘડાર નુ અવસાન થયેલ છે. તેથી, તેમના સીધીલીટી ના વારસદાર ની રૂએ ( પુત્ર ના દરજજે ) શ્રી નારણભાઈ રત્નાભાઈ પાઘડાર, ગામ: મોરવાડી દ્વારા – સદર વીજ જોડાણ મા નામ બદલી ની વિધીસર ની અરજી ની નોંધણી તા.૨૭–૧૨–૧૬ ના રોજ કરાયેલ હતી. જે અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જણાવેલ કે – મુળ ફાઈલ સર્વે નંબર: ૪૭ જુના ૭૬ પૈકી ૮ મા જોડાણ આવેલ છે. પરંતુ, સ્થળ પર ના રોજકામ સર્વે નંબર: ૨૨૬ જુના સર્વે નંબર: ૯૮ પૈકી ૫ મા વીજ જોડાણ ઉભુ છે, માટે કંપની ના નિયમ મુજબ નામ બદલી થઈ શકે નહી, જેથી અરજી દફતરે કરાયેલ છે.<br>• (૪) ગ્રામ્ય વિભાગીય કચેરી જામનગર – પીજીવીસીએલ પક્ષકાર તરફથી – પત્ર તા.૨૨–૦૩–૧૮ મા જણાવ્યા મુજબ ની વિગત મુજબ રજુ કરેલ મુદદા ન. ૨.૧ ના પેટા મુદદા નં. (૪) અને (૫)સર્વે નંબર ની બદલી માટે – ખેતીવાડી વીજજોડાણ ના શીફટીગ કરવા બાબત માન્ય રાખવામા આવતી નથી.<br>• (૫) સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પણ – જે તે સમયે મુળ અરજી મુજબ ની કાર્યવાહી કરાયેલ ન હોય – વધુમા – અરજદાર ની નામ બદલી માટે ની અરજી ની કાર્યવાહી મા પણ અતિ વિલંબ કરેલ છે. આમ, સદર કેઈસ મા, ખેતીવાડી વીજજોડાણ ના શીફટીગ માટે ના નિયત ચાર્જ અરજદાર પાસેથી વસુલી કર્યા સિવાય – અરજદાર પાસેથી માત્ર દસ્તાવેજીક પેપર્સ આધારીત ખરાઈ કરી – સ્થળ ચકાસણી અને જોડાણ ની હાલ ની સ્થિતી શીફટીગ વાળી ન હોવા બાબતે – વગેરે તમામ બાબતોએ ખરાઈ અને સ્પષ્ટતા કર્યા બાદ જ તેમજ અરજદાર પાસેથી રૂ.૧૦૦/– ના નોટરાઈઝ સ્ટેમ્પપેપર પર – જે તે વખતે ભુલથી ખોટા દસ્તાવેજીક પેપર્સ રજુ કરાયા બાબતે ની કબુલાત રજુ કર્યે – અરજદાર શ્રી ની ફકત નામ બદલી ની અરજી પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન માન્ય રાખવા યોગ્ય રહેશે. જે મુજબ ફરીયાદી અરજદાર શ્રી નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવુ તેમ –સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| | તેમજ, આવી બાબતો મા સમયસર કાર્યવાહી કરવા માટે તેમજ ભવિષ્યમા પુનરાવર્તન ન થાય તે માટે – પીજીવીસીએલ પક્ષકાર ને ખાસ તાકીદ કરવામા આવે છે. |

મુદદા નં.–૪ : હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૫) મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને તેઓના હૈયાત ખેતીવાડી વીજજોડાણ મા – નામ બદલી ની અરજી અન્વયે – પીજીવીસીએલ કક્ષાએથી નિયમાધીન કાર્યવાહી કરી ફરીયાદ નુ નિરાકરણ કરવા સબબ નો – પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવાનો હુકમ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.